# ગુજરાતી સાહિત્ય–સ્વરૂપોમાં આધુનિકતાનો પ્રવેશઃ એક સંક્ષિપ્ત અભ્યાસ

ભૂપતભાઈ ધીરૂભાઈ પટેલ
મુ. ડુંગરી , જી. વલસાડ

ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનો પ્રચાર ઈ.સ.૧૯૫૫ પછીનાં સમયમાં ઝડપભેર થઈ રહયો હતો.કવિતા,ટુંકીવાર્તા અને નવલકથાના નવતર પ્રયોગો તેમજ વિવેચનાત્મક લખાણો વડે અનુભૂતિ અને અભિવ્યકિત પરત્વે સર્જકો નિતાન્ત આધુનિકતાની જિકર કરી રહયા હતાં.આધુનિકતાનું પહેલુ કામ જૂનાને ઉખેડીને તેની જગ્યાએ નવાનું પ્રસ્થાન કરવું તે છે.જેમકે ગાંધીયુગનાં સર્જકો એકંદરે સામાજીભિમુખ હતા.જયારે આધુનિક યુગના સર્જકો સમાજથી વિમૂખ રહીને લખતા હોય એમ લાગે છે.

સાહિત્યમાં આધુનિકતાનો શંખનાદ સૌ પ્રથમ ફૂકયો ઓગણીસમી સદીનાં ફ્રેન્ચ કવિ બોદલેરે.માટે જ તો બોદલેર આધુનિકતાનો આચાર્ય ગણાય છે.બોદલેરે પોતાનાં જમાનાનાં જિવાતા જીવનને આત્મસાત કરીને કાવ્યમાં ઉતાર્યુ છે.

ગુજરાતી સાહિત્યમાં સૌથી વધુ સંવેદન સ્વરૂપ કવિતાનું છે. ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનો પ્રવેશ કવિતા વડે થયો એ નર્મદથી નિરંજન ભગત સુધીની કવિતાની તપાસે બતાવી આપ્યું છે. તેમજ અનુભૂતિ અને અભિવ્યકિત પરત્વે કવિતામાં જેટલા વળાંક જોવા મળે છે તેટલા કોઈ બીજા સાહિત્ય પ્રકારમાં જોવા મળતાં નથી.ગુજરાતી સાહિત્યમાં સુરેશજોષીએ જે વૈચારિક તેમજ શુઘ્ધ સાહિત્ય માટેની મથામણ કરી છે તે એમના કાવ્યસંગ્રહો,વાર્તાસંગ્રહો અને નવલકથામાં સ્પષ્ટ જણાય છે.માટે જ ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનો આરંભ સુરેશજોષીથી શરૂ થયો એમ આપણે સ્પષ્ટ કહી શકીએ છીએ.ગુજરાતી સાહિત્યમા ગાંધીયુગ પછી જ મહત્વનાં પરિવર્તનો શરૂ થઈ ચુકયા હતા.અનુગાંધીયુગની જુદી પડતી લાક્ષણિકતાને ઉમાશંકર જોશી વધુ સૌદર્યવાન અને શુઘ્ધ કલા તરીકે ઓળખાવે છે.પ્રહલાદ પારેખ,રાજેન્દ્ર શાહ ,નિરંજનભગત,હસમુખરાવળ,નલિનરાવળની કવિતામાં શુઘ્ધ કવિતાની નિશાની મળી રહે છે.

યુગચેતનાને જ કવન વિષય બનાવનાર પહેલા આધુનિક કવિ સુરેશ જોષી છે.ઈ.સ ૧૯૫૬ થી સુરેશ જોષી કશુંક નવું પ્રગટ કરવાની મથામણ કરી રહયા હતાં.એજ વર્ષમાં પ્રગટ થયેલ 'ઉપજાતિ' નામના કાવ્ય સંગ્રહમાં તેઓ આ વિષાદપૂર્ણ સંવેદના વ્યકત કરે છે.સુરેશ જોષી તેને ભીષ્મ અને અશ્ર્વત્થામાની વેદના વેઠતો બતાવે છે,

***''મારાં જે તીણાં અસ્થિની આ બાણ શય્યાની ઉપર,***
***હું સૂતો છું ભીષ્મ સાથે રે સદાયે''***

સુરેશ જોષીએ આધુનિકતાને વેગ આપ્યાબાદ લાભશંકર ઠાકરે આઠ કાવ્યસંગ્રહો આપ્યા છે.એમાં 'રમ્યઘોષા',' માણસની વાત','મારે નામને દરવાજે','લઘરો',અને 'પ્રવાહણ' જેવાં કાવ્યસંગ્રહો આપ્યા છે.એમાં લાભશંકર ઠાકરે આધુનિકતાને આત્મસાત કરી લીધી હતી.

અનિલ જોશી અને રમેશ પારેખ એ બંને સમવ્યસક અને સમાન રસનાં ગીતકવિઓ છે.રમેશ પારેખને નવી ચેતનાની ગીત રચનાઓ લખવાની પ્રરણાં અનિલ જોશીએ આપી હતી.'કન્યાવિદાય'અનિલ જોશીની શ્રેષ્ઠ કાવ્યકૃતિ છે. કોઈ પણ કલ્પનનો પ્રયોગ કર્યા વિના કવિએ તમાં હદયભેદક અસર ઉપજાવી છે.

*''સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઉઘલતી મ્હાલે,*
*કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે''*

રમેશ પારેખ થોડીક અછાંદસ રચનાઓ પણ આપી છે.રમેશ પારેખની કવિતાનો આસ્વાદ ચુંબનના જેવો રોમાંચક અને આનંદજનક છે.આ ઉપરાંત સંખ્યાબંધ કવિઓ આધુનિકતાની ગતિવિધીઓને ઓલેખી છે.જેનો સમાવેશ આધુનિક કવિના સંદર્ભમાં કર્યાવિના ચાલે નહી.જેમાં ચિનુમોદી,મનહરમોદી,રાધેશ્યામ શર્મા ,ભગવતીકુમાર શર્મા,રઘુવીર ચૌધરી,અને મણિલાલ હ.પટેલ વગેરેનો સમાવેશ થાય છે.

યુરોપમાં વીસમી સદીનાં બીજા ત્રીજા દાયકામાં આરંભ થયેલો આધુનિક નવલકથાનો પ્રચાર ગુજરાતી સાહિત્યમાં સાતમાં દાયકામાં શરૂ થાય છે. નવલકથાકાર કવિની જેમ કલ્પનો ,પ્રતીકો અને પુરાકલ્પનો વડે નવલકથાની રચના કરે છે.ગુજરાતી સાહિત્યમાં આધુનિક નવલકથાનો આરંભ ચન્દ્રકાન્ત બક્ષીની 'આકાર',નવલકથા વડે થયેલો જણાય છે. છતાંય સુરેશ જોષીની 'છિન્નપત્ર' અને 'મરણોતર' નવલકથામાં જ આધુનિકતાનો ખરો પરિવેશ જોવા મળે છે.મધુરાયે 'ચહેરા'નવલકથામાં સંવેદનાને સંકેલવાનું કામ કર્યુ છે. તેમજ જેવી રીતે વ્યકિતને પ્રસંગે–પ્રસંગે કપડા બદલવા પડે છે એવી જ રીતે  ચહેરા પણ બદલવા પડે એનો ખ્યાલ આવે છે.જયારે શ્રી કાન્ત શાહની 'અસ્તી' નવલકથાને ઘટનાવિહીન આકાર આપવાનો પ્રયત્ન કર્યો છે.આધુનિકોમાં અન્ય સ્વરૂપો સાથે નવલકથાનું માતબર ખેડાણ કરનાર રઘુવીર ચૌધરીની પ્રતિભા એમની 'અમૃતા' નવલકથમાં જોવા મળે છે.જયારે ભગવતીકુમાર શર્માની 'સમયદ્વિપ','અસુર્યલોક',તેમજ રાધેશ્યામ શર્માની 'ફેરો' નવલકથામાં પણ આધુનિક યુગના માનવદંભને આલેખ્યું છે.આ ઉપરાંત ગુજરાતી સાહિત્યમાં નવલકથાકાર તરીકે આધુનિકતાની ભોંય ભાગનાર સર્જકોમાં રાવજી પટેલ, લાભશંકર ઠાકર,ચિનુ મોદી,હરીન્દ્ર દવે,ધીરુબહેન પટેલ જેવાં સર્જકોનો ફોળો પણ મહત્વનો બની રહે છે.

કાવ્ય અને નવલકથાની માફક જ ટૂંકીવાર્તાએ પણ સ્થૂળમાંથી સુક્ષ્મતરફ ગતિ કરી છે.અને મૂર્ત છોડીને અમૃત તરફ ગતિ કરી છે.એમાં કોઈ ઘટનાને બદલે વ્યકિતનું ચિત્ર કે ચેતનાનો પ્રવાહ જોવા મળે છે.આધુનિક યુગમાં ટૂંકી વાર્તાનાં પ્રવર્તક છે સુરેશ જોષી તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'ગૃહપ્રવેશ'(૧૯૫૭)માં પ્રગટ થયો છે.જે ગુજરાતી ટૂંકી વાર્તાનું એક

Vol. 1, Issue:3, June 2013
(IJRSML) ISSN: 2321 - 2853

વળાંક બિંદુ બની રહે છે.તેમનાં સમકાલીન ચંન્દ્રકાન્ત બક્ષીના 'આ મુંબઈ શહેરમાં' જેવી વાર્તા આધુનિક નગર જીવનને આલેખે છે.મધુરાય આ સમયનાં બીજા એક તેજસ્વી તારલા છે તેમની વાર્તાઓમાં ઘટનાનું વિગલન જોવા મળે છે.તેમણે 'બાશી નામની છોકરી' નામનો વાર્તાસંગ્રહ આપ્યો છે. જયારે રાધેશ્યામ શર્માનાં 'સળિયા' વાર્તામાં આધુનિકતાનો સ્પર્શ જોવા મળે છે.આ ઉપરાંત ભગવતીકુમાર શર્મા,પિનાકિન દવે,રાવજી પટેલ,સરોજ પાઠક અને સુવર્ણારાયનો ફાળો નોંધપાત્ર છે.

આધુનિકતાનું અવતરણ છે એબ્સર્ડ નાટક ગુજરાતી સાહિત્યમાં લાભશંકર ઠાકર અને સુભાષ શાહે તૈયાર કરેલા ત્રિઅંકી નાટક 'એક ઉંદર અને જદુનાથ'(૧૯૬૬) એ એબ્સર્ડ શૈલીનું એક ઉતમ નાટક બની રહે છે.મધુરાયનું ' ઝેરવું'(૧૯૬૬)માં એબ્સર્ડ શૈલીના કેટલાક તત્વો ધ્યાન ખેંચે છે.અને આદિલ મન્સુરીનું 'પેન્સિલની કબર અને મીણબતી' તેમજ શ્રી કાન્ત શાહનું 'તિરાડ અને બીજા નાટકો' જાણીતુ છે. આ ઉપરાંત નાટયક્ષેત્રે મહેશ દવે ,ચંદ્રકાન્ત શેઠ,મુકુંદપરીખ અને ચિનુમોદી જેવા નાટયકારોનું પણ વિશેષ પ્રદાન રહયું છે.એબ્સર્ડ શૈલીના નાટકોને વેગ આપવા માટે અમદાવાદમાં સાતમા દાયકાના પૂર્વાધમાં 'આકંઠ સાબરમતી' નામે સંસ્થાની સ્થાપના થઈ હતી.જેમાં લાભશંકર ઠાકર,ચીનુમોદી,મનહરમોદી, રમેશશાહ,સુવર્ણારાય અને ઈન્દુપુવાર જેવા લેખકો જોડાયા હતાં.

આ રીતે અદ્યતન કવિતા,નવલકથા,ટૂંકીવાર્તા,નાટક આદિ સાહિત્ય સ્વરૂપો પુરોગામી યુગો સાથે વિચ્છેદ સાધીને ફૂટી નીકળ્યા છે.તેમજ આ સ્વરૂપો ઘણાં નવાં વલણો પણ પ્રગટાવે છે.પરંતુ એ બધું શૂન્યાવકાશમાંથી થયેલું સર્જન નથી.